# સુરત મહાનગરપાલિકા

# પ્રેસનોટ

ભારત સરકાર તથા રાજય સરકારની વિવિધ જનહિતલક્ષી યોજનાઓના લાભથી એક પણ વ્યક્તિ વંચિત ન રહે તે માટે ભારત સરકાર ધ્વારા જનમાનસ સુધી પ્રજા કલ્યાણકારી યોજનાનો વ્યાપ તમામ નાગરિકો સુધી પહોંચાડવા અને જાગૃતિ ફેલાવવા વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું આજરોજ લિંબાયત ઝોન વિસ્તારમાં ટી.પી.૪૦, નીલગીરી ગ્રાઉન્ડ, નીલગીરી સર્કલ, લિંબાયત ખાતે આયોજન કરવામાં આવેલ જેનો માન. ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલના વરદહસ્તે શુભારંભ કરવામાં આવેલ.

સદર કાર્યક્રમ પ્રસંગે ઉપસ્થિત મહાનુભવોનું કંકુ તિલક કરી ભવ્ય સ્વાગત કરવામાં આવેલ તથા શાળાની બાળાઓ ધ્વારા કૃતિઓ રજુ કરવામાં આવેલ. ત્યારબાદ ઉપસ્થિત મહાનુભવો ધ્વારા વિકસિત ભારત સંકલ્પ યાત્રાના રથનું પૂજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા માન.મ્યુ.સદસ્ય શ્રી વિક્રમભાઇ પાટીલે જણાવ્યું હતું કે, જનહિત લક્ષી યોજનાના લાભ ઘર ઘર સુધી મળે તે માટે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો પ્રારંભ કરવામાં આવેલ છે અને તમામ ગ્રામ્ય વિસ્તાર સુધી આ રથ પહોંચે તેવું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમ પ્રસંગે માન. ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલે તેમના પ્રવચનમાં જણાવ્યું કે, છેવાડાના માનવી સુધી જનહિતલક્ષી યોજના પહોંચાડવા માટે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. તેના માટે માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સતત અવિરત કાર્ય કરી રહયા છે. તેમણે વિવિધ યોજના અંગે વિસ્તૃત માહિતી આપી અને તેનો લાભ લેવા માટે નાગરિકોને અપીલ કરી. બેટી બચાવો, બેટી પઢાવો યોજના ધ્વારા આજે ભારત દેશમાં દિકરીઓ દરેક ક્ષેત્રમાં આગળ આવી છે. મહિલાઓએ દરેક ક્ષેત્રમાં પોતાનું નામ અંકિત કર્યું છે. વિશ્વમાં દરેક ક્ષેત્રમાં ભારત દેશ આગળ વધી રહયું છે.આમ બાળાઓને શિક્ષિત કરવા માટે અપીલ કરી હતી.

આજરોજ સાંજે ૦૪:30 કલાકે સુરત મહાનગરપાલિકાના લિંબાયત ઝોનમાં શ્રી દામોદર બોટાદકર પ્રાથમિક શાળા નંબર ૨૩૫, ૨૩૬, ૨૪૩, ૨૪૫, શિવાજી નગર, લિંબાયત ખાતે માન.સ્થાનિક મ્યુ.સદસ્યશ્રીના વરદ્દહસ્તે વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવેલ.

આ કાર્યક્રમ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા માન.મ્યુ.સદસ્ય શ્રી ભૂષણભાઈ પાટીલે જણાવ્યું કે, સરકારશ્રીની વિવિધ યોજનાઓના લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવા "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" નું આયોજન સમગ્ર ભારત દેશમાં કરવામાં આવેલ છે તેનો બધા લાભ મેળવે તેવો અનુરોધ કર્યો હતો.

આ કાર્યક્રમ પ્રસંગે માન.મ્યુ.સદસ્ય શ્રી વિક્રમભાઈ પાટીલે તેમના પ્રવચનમાં જણાવ્યું કે માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને છેવાડાના માનવી સુધી કેવી રીતે આ યોજનાઓ પહોંચાડી શકાય તેની ચિંતા થતી હતી એટલે તેમણે વિકસિત ભારત સંકલ યાત્રાનું આયોજન કર્યું છે.ભારત દેશમાં કોઈ પણ નાગરિક સરકારશ્રીની કલ્યાણકારી યોજનાઓથી વંચિત ન રહે તે માટે માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સતત કાર્યશીલ રહે છે.ભારતના દરેક વિસ્તારોમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત સ્વચ્છતાના કાર્યક્રમો કરી ભારતને સ્વચ્છ બનાવાયું છે.વધુમાં તેમણે વિવિધ યોજનાની સંક્ષિપ્ત માહિતી આપી તેના હક્કદારોને તેનો હક મેળવવા અનુરોધ કર્યો હતો.

આ કાર્યક્રમ પ્રસંગે માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીનો આઝાદીના શતાબ્દી વર્ષ ૨૦૪૭ સુધી  વિકસિત ભારત બનાવવાનો સંદેશ, સરકારશ્રીની  વિવિધ યોજનાઓ તથા સંકલ્પ સંદર્ભેની ડોકયુમેન્ટ્રી પ્રસ્તૃત કરવામાં આવેલ. વધુમાં ઉપસ્થિત તમામ મહાનુભવો અને જાહેરજનતા ધ્વારા ભારત દેશને  વિકસિત બનાવવા અને દેશના શ્રેષ્ઠ નાગરિક બનવા માટે શપથ ગ્રહણ કરવામાં આવેલ. ત્યારબાદ વિવિધ યોજનાના લાભાર્થીઓને મહાનુભવોના વરદહસ્તે પ્રતિકાત્મક લાભ આપવામાં આવેલ. વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથનું ઉપસ્થિત મહાનુભવો ધ્વારા ફલેગ ઓફ કરી પ્રસ્થાન કરાવવામાં આવેલ.

આ કાર્યક્રમ પ્રસંગે માન.ડે.મેયર.ડો નરેન્દ્ર પાટીલ,માન.નેતા શાસક પક્ષ શ્રીમતી શશીબેન ત્રીપાઠી, માન.વિવિધ સમિતિ અધ્યક્ષશ્રીઓ, માન.મ્યુ. સદસ્યશ્રીઓ,લાભાર્થી,પત્રકાર  મિત્રો તથા જાહેર જનતા ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગરપાલિકા તરફથી
સાદર સમાચાર યાદી નં.૪૦૩
તા.૦૧/૧૨/૨૦૨૩